અપીલ અરજી નં.૯૩ તા.૨–૭–૦૯ /૧૦

અરજદાર: શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા: ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી, અઠવાઝોન

## ફરીયાદની હકીકત:–

***વિષય:***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૬–૦૯ ની અરજીથી અઠવાઝોન વિસ્તારમાં તા.૧૭–૧–૦૯ ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ અરજી બાબતે અધિકારી તેમજ કર્મચારીએ શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨–૭–'૦૯ ની અપીલ અરજી નં.૯૩/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૬–૦૯ ની અરજીથી અઠવાઝોન વિસ્તારમાં તા.૧૭–૧–૦૯ ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ અરજી બાબતે અધિકારી તેમજ કર્મચારીએ શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની સંપૂર્ણ માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમય ગાળામાં પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૩૬૧ તા.૯–૭–૦૯ થી ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમની તા.૧૭–૧–૦૯ ની અરજીમાં કરેલ દાવાના સમર્થનમાં પાર્કીગ ફી ની રસીદ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી મળેલ નથી જયારે અરજદાર તરફથી તા.૧૪–૭–૦૯ ના પત્રથી માહિતી પુરી પાડવામાં આવેલ જેમાં સાથે પાર્કિંગની રસીદની નકલ પણ સામેલ કરેલ છે.

અરજદારની તા.૨–૬–૦૯ ની અરજીથી અઠવાઝોન વિસ્તારમાં તા.૧૭–૧–૦૯ ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ જેમાં ભટાર રોડ રાજ એમ્પાયર થીયેટર (સીનેમા) તેમજ અંદર ચાલતી હોટલના માલિકો સુ.મ.પાલીકાની ફૂટપાથ માટે રાખવામાં આવેલ એલાઈમેન્ટની જગ્યા પર પાર્ક થતાં વાહનોના માલિક પાસે ગેરકાયદેસર પાર્કિંગ ચાર્જ ૧૦ રૂપિયા વસુલ કરવામાં આવતા હોય તે અરજી બાબતે અધિકારી તેમજ કર્મચારીએ શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની સંપૂર્ણ માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાયેલ નથી. અરજદાર તરફથી અપીલ અરજીમાં દિન–૩૦ માં કોઈ પ્રતિભાવ નહીં મળ્યા અંગે જણાવેલ. આરટીઆઈ એકટના આમુખ ધ્વારા પારદર્શિતા તથા જવાબદારી મુકરર કરવાની બાબતને ઉત્તેજન આપવાની જોગવાઈ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૬–૦૯ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ હોઈ આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારે માંગેલી માહિતી પુરી પાડવા ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહિતિ અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી, અઠવાઝોન ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ ,